## ડાયરેક્ટ ❤ સે

પોસાય એટલા જ
સંબંધો રાખવા
કેમકે લાગણીની લોન
કોઈ બેંક પાસેથી નહીં મળે

## જન્મદિને વધામણી


શિવલાલ જે સોલંકી
મો. ૯૪૨૯૦ ૨૭૮૨૨


નયના જે શાહ
મો. ૯૭૨૩૭ ૪૮૯૭૪


ટિકેન્દ્ર હિતલ પારેખ
મો. ૯૯૯૮૮ ૧૬૪૦૬

## આંતરરાષ્ટ્રીય નર્સીસ ડેની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૩

આંતરરાષ્ટ્રીય નર્સીસ ડેની કેથલિક નર્સીસ ગિલ્ડ ઓફ ઈન્ડિયા, ગાંધીનગર શાખા દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કેથલિક ધર્મના વિકાર જનરલ ફાધર વિક્ટર ઉપસ્થિત રહ્યા હતા.

એલેન્ટીના મેકવાન દ્વારા ફોરેન્સ નાઈટીગલના જીવન ચરિત્રની રૂપરેખા રજૂ કરવામાં આવી હતી. નિર્મલા મેકવાન દ્વારા 'એઈમ ઓફ નર્સીસ'ની જાણકારી આપવામાં આવી હતી. વિજયા પરેરા દ્વારા વિશ્વ નર્સીસ ડે વિશે જાણકારી આપવામાં આવી હતી. ફુલકેરીયા ડાભી દ્વારા દાન આપવામાં આવ્યું હતું. સમગ્ર મીટિંગનું સંચાલન વિમલા પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં કેથલિક નર્સીસ ઉપસ્થિત રહ્યાં હતાં.

### સંયુક્ત રાષ્ટ્રસંઘ - કમિટી ઓન સ્ટેટસ ઓફ વુમનના અત્યંત પ્રતિષ્ઠિત ઉપક્રમમાં

# ડૉ. ભાવના જોશીપુરાની સક્રિય સાજેદારી

અમદાવાદ, તા.૧૩

સંયુક્ત રાષ્ટ્રસંઘ - કમિટી ઓન સ્ટેટસ ઓફ વુમનના અત્યંત પ્રતિષ્ઠિત ઉપક્રમ એવા સીએફયુડબલ્યુ ફોરમ દ્વારા વિશ્વભરમાંથી ગ્રાસરૂટ કક્ષાએ કાર્યરત ૪ જેટલા વિવિધ દેશના મહિલા ક્રિયાશીલોની આ ફોરમ માટે ખાસ પસંદગી પામેલ રાજકોટના ડૉ. ભાવના જોશીપુરાએ ગ્રામીણ અને આર્થિક પછાત વિસ્તારમાં વસવાટ કરતી મહિલાઓના જીવનમાં સ્વાવલંબન પ્રવૃત્તિ દ્વારા કેવી રીતે પરિવર્તન લાવી શકાય તેનો રાજકોટ આધારિત કેસ સ્ટડી રજૂ કરી જેને વિશ્વ સમુદાયમાંથી જોરદાર સમર્થન પ્રાપ્ત થયું હતું.




૧૫મી માર્ચના રોજ આયોજિત આ સીમાચિહ્નરૂપ કાર્યક્રમ આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર મહિલા જગત માટે ઐતિહાસિક બની રહેશે કારણ આ ઉપક્રમમાં ૨૦૩૦ સુધીમાં પુરુષ અને સ્ત્રીનું જન્મદર એક સમાન બની રહે તે માટે લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. મહિલા સ્વાવલંબન, સુરક્ષા અને સશક્તિકરણના ક્ષેત્રમાં ડૉ. ભાવના જોશીપુરાએ આપેલા વક્તવ્ય ઉપર રાષ્ટ્રસંઘ ખાતે પાંચ જેટલા અન્ય ફોરમમાં વક્તવ્ય આપવા માટે નિમંત્રિત કરાયેલ હતા જે સમગ્ર ગુજરાત રાજ્ય માટે ગૌરવપૂર્ણ ઘટના છે.

ગુજરાત અને ભારત માટે ગૌરવની બાબત એ પણ છે કે ડૉ. ભાવના જોશીપુરા જે ફોરમમાં હતા તે ફોરમમાં થયેલી ચર્ચાને સીએસડબલ્યુ-૬૨ જનરલ એસેમ્બલીમાં મૂકવા માટે સ્વીકૃતિ પ્રાપ્ત થઈ છે જે ખૂબ મોટી સિદ્ધિ વૈશ્વિક સ્તરે ગણાવાઈ રહી છે.

### વાર્તાયનના પાંચમા પર્વમાં

# નીલમ દોશી અને ઉર્વી અમીનનું વાર્તાપઠન યોજાયું

## ઉર્વી અમીને પોતાની મૌલિક વાર્તા 'બીજો પ્રતિભાવ' અને નીલમ દોશીએ પોતાની 'આઈ એમ સ્યોર' વાર્તાનું વાચન કર્યું




ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતી વાર્તામાસિક "મમતા" અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સહયોગથી ગુજરાતી ભાષાના વાર્તાકારોને વાર્તાપ્રસ્તુતિ માટે મંચ આપવાના હેતુથી આરંભાયેલ અને નવા સર્જકોને સારી વાર્તા લખવા માટે પ્રેરિત કરવાના અને લોકોને વાર્તાકળામાં રસરૂચિ લેતા કરવાના આશયથી શરું કરવામાં આવેલ " વાર્તાયન "પર્વ – ૫ની બેઠક તા. ૧૨મી મે ને શનીવારે શ્રી વેદ વ્યાસ વિદ્યાપીઠ, ગાંધીનગર મુકામે મળી હતી. જેમાં આરંભે વાર્તાયનના સંયોજક અને સર્જકશ્રી ડૉ. કનૈયાલાલ ભટ્ટે સૌ સર્જકો તથા ભાવકોને આવકારીને આ વાર્તાયન આયોજન અંગે તથા બન્ને વાર્તાકારોનો પરિચય આપ્યો હતો, આરંભે અંગ્રેજી ભાષાની ઓ'હેનરી લિખિત વિશ્વપ્રસિદ્ધ ટૂંકીવાર્તા 'ગીફ્ટ ઓફ મેગી ( રજવાડી ભેટ )'નું વાંચન કુ. સલોની શ્રોત્રિયે કર્યુ હતું. ત્યારબાદ વાર્તાયનની આ બેઠકમાં શ્રી ઉર્વી અમીને પોતાની મૌલિક વાર્તા " બીજો પ્રતિભાવ' અને શ્રી નીલમ દોશીએ પોતાની 'આઇ એમ સ્યોર' વાર્તા વાંચી હતી. આ ત્રણેય વાર્તાઓની ઉપસ્થિત સૌ સર્જકો / ભાવકો દ્વારા ઊંડાણ પૂર્વકની ચર્ચા - સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં "બીજો પ્રતિભાવ" વાર્તાની કથાની રચનારીતિ, ભાષા અને સીધા કથન જેવા મુદ્દાઓ ઉપર ચર્ચા થઈ અને બીજી વાર્તા " આઇ.એમ.સ્યોર" વિષય, કલ્પના, કથાગૂંથણી અને આધુનિકતાની રીતે સૌએ પસંદ કરી હતી. એક યુવતિ આત્મહત્યા કરવા જાય છે અને એક અજાણ્યા યુવક દ્વારા એને બચાવવામાં આવે છે એવી કથાની ગૂંથણી ખુબ રસપ્રદ રીતે કરીને લેખિકાએ સૌને મંત્રમૂગ્ધ કર્યા હતા. બધાની ચર્ચાને અંતે શ્રી રાઘવજી માધડે બન્ને વાર્તાઓની સમીક્ષા કરીને પોતાનો મત રજુ કર્યો હતો તથા વાર્તાતત્વ વિશે થોડી વાત કરી હતી.

આ બેઠકમાં મમતાના તંત્રીશ્રી એ.વી.ઠાકર, હર્ષદભાઈ શાહ, મનોજ શુકલ, સંજય થોરાત, રણછોડભાઈ પરમાર, દિલીપસિંહ ઝાલા, કિશોર જિકાદરા, ધર્મેન્દ્ર ત્રિવેદી, પ્રજ્ઞા પટેલ, ડૉ. કિરીટ શુકલ, કલ્પેશ ભટ્ટ, સંજય પંડ્યા, દિશા પોપટ વગેરે અનેક ભાવકો ઉપસ્થિત રહીને વિસરાતી જતી આ વાર્તાકલાને માણી હતી. દર મહિને યોજાતા આ વાર્તાયન પર્વ સૌને માટે ખુલ્લો હોવાથી સૌ કોઈ એમાં હાજર રહી શકે છે.

# સીબીએસઈનાં ધોરણ-૧૦, ૧૨નાં પરિણામો મે મહિનાના છેલ્લા અઠવાડિયામાં જાહેર કરાશે

અમદાવાદ, તા.૧૩

સીબીએસઈ બોર્ડના ધો. ૧૦-૧૨ના વિદ્યાર્થીઓનું પરિણામ મે મહિનામાં છેલ્લા અઠવાડિયામાં જાહેર કરવામાં આવશે. એક રિપોર્ટ અનુસાર, એક્ઝામિનેશન ઑફિસના કંટ્રોલરે આ વાતની પુષ્ટિ કરતા કહ્યુ કે, પરિણામ મે મહિનાના અઠવાડિયામાં જારી કરી દેવામાં આવશે.

તેમણે આગળ કહ્યુ કે, ધોરણ-૧૨નું પરિણામ અઠવાડિયાની શરૂઆતમાં જ્યારે ધોરણ-૧૦નું પરિણામ અઠવાડિયામાં છેલ્લે જાહેર કરવામાં આવશે. સીબીએસઈ પરિણામ જાહેર થયાના એક દિવસ પહેલા તારીખોની જાહેરાત કરી દેશે.''

જોકે, આ પહેલા સમાચાર આવી રહ્યા હતા, કે ધો. ૧૨નું પરિણામ ૨૮મે અને ધો. ૧૦નું પરિણામ ૩૦ મેના જાહેર કરવામાં આવશે, ત્યારે બીજી તરફ એક્ઝામિનેશન કંટ્રોલરે આ વાતની સ્પષ્ટતા કરી કે, ''તારીખની જાહેરાત એક દિવસ પહેલા કરવામાં આવશે.''

જે વિદ્યાર્થીઓએ સીબીએસઈ બોર્ડની પરીક્ષા આપી છે તેઓ સત્તાવાર વેબસાઈટ cbseresults.nic.in, cbse.nic.in અને results.nic.in પર પરિણામ જોઈ શકશે અને સાથે જ જીસ્જીની મદદથી પણ પરિણામ મેળવી શકશે.

તમને જણવી દઈએ કે, સીબીએસઈ ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષા ૨૮ લાખથી વધારે વિદ્યાર્થીઓએ આપી હતી. ધો. ૧૦ની પરીક્ષા માટે કુલ ૧૬,૩૮,૪૨૮ અને ધો. ૧૨ની પરીક્ષા માટે ૧૧,૮૬,૩૦૬ વિદ્યાર્થીઓએ અરજી કરી, જેમાં ૮ ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓ શામેલ થયા હતા.

# વિશ્વગ્રામ દ્વારા ૩૦મી મેથી મહેસાણા ખાતે યુવા શિબિર

ગાંધીનગર, તા. ૧૩

વિશ્વગ્રામ દ્વારા ૩૦મી મેથી યુવા શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં તુલાબેન-સંજયભાઈ દ્વારા જણાવવામાં આવ્યું છે કે 'એક ગાંધી જો બદલ દે સબ કી દુનિયા' વિષયે યુવા શિબિરનું આયોજન ૩૦મી મેથી ૪ જૂન દરમિયાન ડિવાઈન ચાઈલ્ડ સ્કૂલ, શંકુઝ વોટર પાર્ક સંકુલ, અમીપુરા, મહેસાણા ખાતે યોજવામાં આવશે.

આ શિબિર અંતર્ગત આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વૈજ્ઞાનિક પંકજ જોષી 'સાયન્ટીફિક ટેમ્પરનો માણસ - ગાંધી' વિષયે, પૂર્વ કેન્દ્રીય મંત્રી, વિચારક, લેખક આરિફ મોહંમદખાન 'હિન્દુ-મુસ્લિમ એકતાના મશાલચી-ગાંધી' વિષયે, ખ્યાત સાહિત્યકાર હિમાંશી શેલત 'સ્ત્રી મિત્ર ગાંધી' વિષયે, અર્થશાસ્ત્રી હેમંતકુમાર શાહ 'ગાંધી એક માનવીય અર્થશાસ્ત્રી' વિષયે, શિક્ષણવિદ ભદ્રાયુ વછરાજાની 'શિક્ષણના પ્રયોગવીર ગાંધી' વિષયે, ખ્યાત પત્રકાર ઉર્વિશ કોઠારી 'દલિત મિત્ર ગાંધી' વિષયે અને ખ્યાત લેખિકા શરીફા વીજળીવાળા 'વિભાજનની વેદનાનો વ્યથિત સાક્ષી - ગાંધી' વિષયે વક્તવ્ય આપશે.

આ શિબિરમાં જોડાવા માટે વયમર્યાદા ૨૦થી ૪૫ વર્ષ નિયત કરવામાં આવી છે. આ અંગેની વધુ વિગતો માટે મોબાઈલ નંબર ૯૪૨૬૩૮૮૨૩૪ દ્વારા સંસ્થાનો સંપર્ક કરવા તેમના દ્વારા વધુમાં જણાવવામાં આવ્યું છે.

# અંગ્રેજીની સાથે સાથે હિંદી માધ્યમમાં પણ એન્જિનિયરિંગનો અભ્યાસ થઈ શકશે

## ટેકનિકલ સંસ્થાઓને તેની સાથે જોડાયેલા કોર્સ હવે હિંદી માધ્યમમાં ભણાવવાની સ્વતંત્રતા સરકાર દ્વારા આપવામાં આવી

ન્યુ દિલ્હી, તા.૧૩

હવે અંગ્રેજીની સાથે સાથે હિંદી માધ્યમમાં પણ એન્જિનિયરિંગનો અભ્યાસ થઈ શકશે. ટેકનિકલ સંસ્થાઓને તેની સાથે જોડાયેલા કોર્સ હવે હિંદી માધ્યમમાં ભણાવવાની સ્વતંત્રતા મળશે. સરકારે તેને લઈને ટેકનિકલ સંસ્થાઓને આ સગવડ આપી છે.

સાથે સાથે તેને પ્રોત્સાહિત કરવા માટે એન્જિનિયરિંગ સાથે જોડાયેલા પુસ્તકોને હિંદીમાં તૈયાર કરવાની પહેલ પણ કરી છે. સરકારનું માનવું છે કે તેનાથી વિદ્યાર્થીઓમાં એન્જિનિયરિંગમાં રસ વધશે. કેમ કે અત્યારે ભાષાની સમસ્યાના કારણે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ એન્જિનિયરિંગનો અભ્યાસ કરવાથી પાછા પડે છે.

એન્જિનિયરિંગનો અભ્યાસ હિંદી માધ્યમમાં કરાવવાની આ પહેલ એઆઈસીટીઈએ કરી છે. તાજેતરમાં સરકારે તેને મંજૂરી આપી છે. જોકે સંસ્થાઓ પર તેને જબરદસ્તીથી થોપવામાં નહીં આવે. તેઓ પોતાની મરજીથી ઈન્સ્ટિટયૂટમાં એન્જિનિયરિંગના અભ્યાસ માટે અંગ્રેજી કે હિંદી કોઈ પણ ભાષા પસંદ કરવા સ્વતંત્ર હશે.

એઆઈસીટીઈનું માનવું છે કે આની પહેલ થોડા સમય પહેલાં થવી જોઈતી હતી, પરંતુ તેની રાહમાં સૌથી મોટી બાધા પાઠય પુસ્તકોની કમીની હતી. જેને હવે દૂર કરવાની કોશિશ થઈ રહી છે. એન્જિનિયરિંગ સાથે જોડાયેલાં પુસ્તકોને હિંદીમાં તૈયાર કરનારા લેખકોને પણ પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે.

થોડા સમય પહેલાં કેન્દ્રીય પ્રધાન સત્યપાલસિંહે એન્જિનિયરિંગના અભ્યાસક્રમ સાથે જોડાયેલા પુસ્તકોને તૈયાર કરનારા લેખકોને પુરસ્કૃત પણ કર્યા હતા. એવું માનવામાં આવી રહ્યું છે કે સરકારની આ પહેલથી એન્જિનિયરિંગ સંસ્થાઓની ગુણવત્તા સુધારવામાં મદદ મળશે. કારણ કે હાલમાં દેશમાં મોટી સંખ્યામાં સીટો ખાલી રહેવાથી કેટલીયે એન્જિનિયરિંગ કોલેજો બંધ થઈ રહી છે.

## વર્લ્ડ નર્સિંગ ડે નિમિત્તે સિવિલ હોસ્પિટલમાં સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૩

દર્દી અને ડૉક્ટરને જોડતી કડી એટલે નર્સિંગ સ્ટાફ. આ કડી છૂટે તો આરોગ્ય ક્ષેત્રે મહામુશ્કેલી સર્જાઈ શકે છે. ૧૨ મેનો દિવસ 'વર્લ્ડ નર્સિંગ ડે' તરીકે ઉજવાય છે. આ નિમિત્તે શહેરની જુદી જુદી સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે નર્સિંગ સ્ટાફ માટે વિશેષ સ્પર્ધાઓનું આયોજન થયું હતું. જેમાં નર્સિંગ સ્ટાફે રસપૂર્વક ભાગ લીધો હતો. બીજી તરફ, ભાટ ગામ નજીક એપોલો હોસ્પિટલ ખાતે કેક કાપી નર્સિંગ ડેની ઉજવણી કરવામાં આવી હતી.

નર્સિંગ સ્ટાફની કામગીરીને પ્રોત્સાહન મળે એવા ઉદ્દેશ સાથે સિવિલ હોસ્પિટલ સ્થિત અસ્મિતા ભવન ખાતે પ્રોત્સાહક કાર્યક્રમ યોજાયો હતો. આ અંગે નર્સિંગ સુપરિન્ટેન્ડન્ટ બાબુભાઈ પ્રજાપતિએ કહ્યું કે, નર્સિંગ સ્ટાફની કામ પ્રત્યેની નિષ્ઠાને બિરદાવવા કાર્યક્રમ યોજાયો હતો. નર્સિંગ યુનિયન ગુજરાતના પ્રેસિડન્ટ નરેન્દ્ર મોદીએ નર્સિંગ સ્ટાફને દર્દીઓ સાથે સારો વ્યવહાર કરવા માટેના સંકલ્પ લેવડાવ્યા હતા. એપોલો હોસ્પિટલની નર્સિંગ ઈન્સ્ટિટ્યૂટે શનિવારે ૧૦ વર્ષથી વધુ સેવા આપનાર ૮૦થી વધુ કર્મચારીઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ રાખ્યો હતો.

## મોસ્ટ અવેટેડ ફિલ્મ 'જુરાસિક વર્લ્ડ' ૮મી જૂને રિલીઝ થશે


ગાંધીનગર, તા. ૧૩

આ વર્ષની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'જુરાસિક વર્લ્ડ: ફોલન કિંગડમ' હવે ટુંક સમયમાં જ રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મ ભારતમાં ૮ જૂને રિલીઝ થશે. જેમાં દેશભરની ૨૩૦૦થી વધુ સ્ક્રીન્સ પર અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલૂગુ ભાષામાં રિલીઝ થશે. આ એક્શન એડવેન્ચર્સ ફિલ્મનું ડાયરેક્શન જેએ બાયોનાએ કર્યુ છે. ૧૯૯૩માં જુરાસિક પાર્ક સીરીઝના સૌથી પસંદગીના કેરેક્ટરમાંના એક એક્ટર જેફ ગોલ્ડબ્લમને નવી કડીમાં ડો. ઈયાન મેલ્કમના રૂપમાં ફરી લાવવામાં આવ્યા છે. આ ફિલ્મ છેલ્લી ફિલ્મના ૩ વર્ષ અગાઉથી શરૂ થાય છે. જ્યાં થીમ પાર્ક અને લક્ઝરી રિસોર્ટ જુરાસિક વર્લ્ડને ડાયનોસરે નષ્ટ કરી દીધો હતો. જેથી લોકોએ ઈસ્લા નુબલર દ્વિપને છોડી દીધો હતો. પરંતુ ડાયનોસર જંગલોમાં ખુદ રાજ કરે છે.

# સમાજજીવનનાં પ્રતિબિંબને ઝીલતી વાર્તાઓ : ટૂકડો

વાર્તા જીવનનો અંશ હોય છે. તે આપણને તેની આસપાસ રાખે છે અને અનુભૂતિની સઘનતામાંથી પસાર કરે છે. વિષયને અનુરૂપ તેમની આગવી અભિવ્યક્તિ છે. જે વર્તમાન સમાજથી અલગ નથી. આ વાર્તાઓ કાલ્પનિક ન લાગતાં ઘટનાઓના પરિપ્રેક્ષ્યને ઉપસ્થિત કરે છે. વાર્તાઓ પ્રાંજલ પ્રવાહવાળી અને સાંપ્રત છે, તેથી જ રમેશ ર દવે તેમના પ્રતિભાવમાં સાહિત્ય એ સમાજનું પ્રતિબિંબ છે એ સંદર્ભે તેને અવલોકે છે.

'ટૂકડો' ગિરિમા ઘારેખાનનો પ્રથમ વાર્તાસંગ્રહ છે. જે ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી પ્રગટ થયો છે. તેમાં કુલ ૧૬ વાર્તાઓ મળે છે. તે સાથે




વાર્તાઓ વિષ નરોત્તમભાઈ પલાણ, રવજીભાઈ કાચા, ગિરીશ ભટ્ટ, હરીશ દાસાણી, જગત મિત્ર, એજાર અવનર સેન, આશા વીરેન્દ્ર, મનહર ઓઝા, અમૃતલાલ પટેલ, મધુકર બુચ, સતીશ શાહ, શરીફા વીજળીવાળા, દિવાન ઠાકોર, પ્રજ્ઞા પટેલ, એસ વી યાજ્ઞિક અને નારાયણ પટેલ જેવા મહાનુભાવો અને ભાવકોએ જે ટૂંકા પ્રતિભાવો આપ્યા છે તે પણ સામેલ કરવામાં આવ્યા છે. અહીં આપણને જાણીતા સાહિત્યકાર રમેશ ર દવેની લાંબી પ્રસ્તાવના 'તો તાણવા માંડો ડેરા તંબૂ' શિર્ષકથી મળે છે. જેમાં તેમણે જુદી જુદી વાર્તાઓનાં અવતરણો મૂકી આપી વાચકોને વાર્તાઓ પ્રત્યેક ઉત્સુકતા જગાડી આપી છે. અને સાહિત્ય એ સમાજનું પ્રતિબિંબ છે એ વિધાન સંદર્ભે આ વાર્તાઓને અવલોકી છે. તો સાથે લેખિકાએ પણ 'હું અને મારી કથાયાત્રા' શિર્ષકથી વાર્તાલેખન અંગેની પોતાની આત્મકથન રૂપ વાત મૂકી છે.

આ વાર્તાને અવલોકતાં સરેરાશ ગુજરાતી સમાજના મધ્યમ વર્ગથી સહેજ ચડિયાતા લોકોની છબિ ઝીલાઈ છે તેમ લાગ્યા વિના રહેતું નથી. જેના સમર્થનમાં રમેશ ર દવેએ વિષયવસ્તુની સૂચિમાં પસાર થતા સોળે વાર્તાઓની વાત કંઈક આમ કરી છે :

'એકલવાયાં વૃધ્ધ માબાપને વિદેશવાસી પુત્રે પાસપોર્ટ કઢાવી લેવા કરેલા આગ્રહથી લાપશી રાંધ્યાનો અનુભવાતો આનંદ, અકાળે વિધુર-વિધવા થયેલાં યુવક યુવતીએ પૂર્વ જીવનના માતાપિતા સાથે સહર્ષ જાળવી રાખેલો સંબંધ, બિમાર પતિની કંટાળાભરી સેવાચાકરી કરતાં કરતાં પત્નીની સાવ શુષ્ક થઈ ગયેલી જિંદગી, કિશોરવયની પુત્રીના રાતવાસા માટે જેમના પર વિશ્વાસ મૂકેલો એ જ ટ્યુશન ટીચર મેડમ દ્વારા કિશોરીનું થતું શરીર શોષણ, મહેક મહેક વર્તમાન દરમિયાન વિષાદભર્યા ભૂતકાળની સ્મરણ યાત્રા, માનસિક દિવ્યાંગ બાળક તરફનો એની માતાના મિત્રનો અણગમો અને ઉપેક્ષા, શ્રીમંત માતા દ્વારા સેવાતી મધ્યમવર્ગીય સાસરિયામાં જીવતી પુત્રી વિશેની નિરર્થક ચિંતાદૂર કરવા પુત્રીએ જ લખેલ પત્ર, બિમારા માતાની સેવા માટે અપરિણીત રહેલી પ્રૌઢ પુત્રીની વેદના, સ્ત્રીઓને આવતા માસિક અંગેના માતા-પુત્રીના ભિન્ન અભિગમથી પ્રગટતાં બે પેઢી વચ્ચેનાં મનોવલણો-તફાવત, ભારત વિભાજનના કારણે અલગ પડી ગયેલા ત્રણ ભાઈઓનું વર્ષો પછી ત્રિવેણી સંગમરૂપ મિલન, યુવાનીમાં બળાત્કારનો ભોગ બનેલી પ્રૌઢ માતા દ્વારા તેના બળાત્કારી પુત્રને જેલની કરાવાતી સજા, વંદન કરતી પુત્રીની સખીને બાથમાં લઈ વહાલ કરવા જતા પ્રૌઢ પિતા-અંકલે અનુભવેલા અનુચિત રોમાંચ અને તજજન્ય રંજ, લગ્ન-નિકાહને નામે મસ્કતના યુવાન પતિએ કરેલી દગાબાજીથી હાર માનતા, અસહાય યુવતીએ પતિને ઉલ્લુ બનાવી એનો સઘળો કારોબાર હસ્તગત કરી લેવાની દાખવેલી હિંમત અને ચાતુરી, બદ્રીનાથની યાત્રા દરમિયાન ફૂંકાયેલા વાવાઝોડામાં અવસાન પામેલા-મનાયેલા હયાત યુવાનની વિપદા, ત્યક્તારૂપે માતાએ વેઠેલી વેદનાથી સભાન પુત્રી દ્વારા લગ્ન અને ગૃહસ્થી વિશે સેવાતી આશંકા અને ઈનકાર તથા વિકલાંગ પુત્ર માટેનો માતાનો સમર્પણ ભાવ' જેવા વિષયવસ્તુને અહીં પસંદ કરવામાં આવેલ છે.

આ વાર્તાઓમાંથી પસાર થતાં ભાવકને એવું લાગ્યા વિના રહેશે નહીં કે વાર્તાકારને વાર્તાના પાત્રોનાં, વીતી ગયેલ વેળાનાં હૈયા મહીં સંઘરાયેલાં મધુરા સંવેદનો અને માઠા દિવસો દરમિયાન એ જ હૈયાએ બળબળતા તાપમાં શેકાવું પડ્યું હતું એનાં સંસ્મરણો આલેખવાં ગમે છે. વાર્તાના પાત્રોના નામકરણમાં લેખિકાનું નાગરપણું પ્રગટ થયેલું જોઈ શકાય છે. જેમ કે મેઘા, કેયુર, તનય, અંગના, ચાંદની, શ્વેતા, સિધ્ધાર્થ, નિમિષા, અવનિ, સોનાલી, સમીર, રૂપાલી, તોષા, અર્પિતા, કલગી, મોહિત, સૌરભ વિ.

ગુજરાતી ભાષાના સર્જન અને વિવેચનમાં બંને પક્ષે સર્જક તેની વાર્તાકૃતિમાં અલંકરણ કરે તેને કાવ્યાત્મકતા તરીકે ઓળખવામાં આવે છે. જોકે સર્જક દ્વારા થતું ભાષાપ્રયોજન પદ્યાત્મક હોય કે ગદ્યાત્મક - તેમાં અલંકરણથી ભાષાની મર્મસ્પર્શિતા વધે છે. જે લેખિકાએ અહીં કરી બતાવ્યું છે. એ જોતાં કહી શકાય કે તેમણે વાર્તાકલાને ઠીક ઠીક હસ્તગત કરી છે. તેમની આ વાર્તાઓ ગુજરાતી સાહિત્યના જાણીતા સામયિકોમાં પ્રકાશિત થયેલી છે. ટૂંકી વાર્તાની સમાંતર લેખિકા લઘુકથાઓ પણ લખે છે. આ સંગ્રહમાં જ પ્રગટ થયેલી તેમની વાર્તા 'ત્રણ પિયર' અખંડ આનંદમાં શ્રેષ્ઠ વાર્તા તરીકે પસંદગી પામી છે. તો જેના પરથી વાર્તા સંગ્રહનું શિર્ષક મળ્યું છે તે 'ટૂકડો' વાર્તાને શ્રી કેતન મુનશી વાર્તા સ્પર્ધામાં અને 'પુરાવા' વાર્તાને સુરત વાર્તા સભા દ્વારા ઈનામ પ્રાપ્ત થયું છે. 'ટૂકડો' વાર્તા સંગ્રહના લેખિકા ગિરિમા ઘારેખાન એક આશાસ્પદ લેખિકા તરીકે ઊભરી રહ્યાં છે ત્યારે તેમની કલમથી વધુ સક્ષમ વાર્તાઓ મળે તે અપેક્ષા સાથે તેમના આ વાર્તા સંગ્રહને આવકારું છું. પુસ્તકની વિતરણ વ્યવસ્થા ગૂર્જર સાહિત્યભવન, અમદાવાદ દ્વારા થઈ રહી હોઈ તેને બહોળો વાચકવર્ગ પ્રાપ્ત થશે તે અપેક્ષા અસ્થાને નહીં ગણાય.

ટૂકડો (વાર્તાસંગ્રહ)
લેખક : ગિરિમા ઘારેખાન
પ્રકાશક : પોતે
મુખ્ય વિક્રેતા : ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૮,
પૃષ્ઠ : ૧૨૪, કિંમત : રૂા. ૧૫૦

**- નટવર હેડાઉ**